ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૧૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૨૫ ટકા

# ઉનાળાનું ધીમુ આગમન

ગાંધીનગર, તા.૨૧

ફેબ્રુઆરી માસના બીજા પખવાડિયામાં ઠંડીએ વિદાય લીધી છે. ધીમે ધીમે તાપમાનમાં વધારો થતાં હવે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ધીમી સ્પીડે પંખા પણ ફરવા માંડયા છે.

ખૂબ લાંબા ચાલેલા શિયાળા બાદ હવે ધીમે ધીમે તાપમાન વધી રહ્યું છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. દિવસ દરમિયાનના ઠંડા પવનો બંધ થતાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. દિવસે પવન સાવ બંધ થઈ જતાં તડકો આકરો લાગવા માંડયો છે. તડકો આકરો બનતા ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. ગરમ વસ્ત્રોને ધોઈને મુકી દેવામાં આવ્યા છે. જો કે સાંજે વાતાવરણ થોડુંક સમશિતોષ્ણ રહે છે. મોડી રાત્રે કયારેક ઠંડીનો અનુભવ થાય છે પરંતુ ઠંડીમાં ધ્રુજી જવાય તેવી ઠંડી સાવ ગાયબ થઈ ગઈ છે. છેલ્લા ચાર દિવસથી તો પંખા ચલાવવા પડે તેવી ગરમી દિવસ દરમિયાન લાગે છે. આગામી દિવસોમાં ગરમી વધુ આકરી પડશે તેવું લાગી રહ્યું છે.



## આને કહેવાય 'સ્કીલ ઈન્ડિયા...!!'

'જરૂરિયાત અને જિજ્ઞાસા' આ બંને એવી વાત છે જે માનવીના જીવનમાં આગળ વધવા ચાવીરૂપ બની શકે છે. બાળપણ તો જિજ્ઞાસાથી જ ભરપૂર હોય છે અને જિજ્ઞાસાવશ બાળકો પોતાની મુશ્કેલીમાંથી માર્ગ શોધવાની કળા શીખતા હોય છે. તસવીરમાં દેખાતા બાળકોને સાયકલ સવારી માણવાનો આનંદ તેમની 'જરૂરિયાત' છે પરંતુ સાયકલમાં ઉભી થયેલ મુશ્કેલીને જાતે કેવી રીતે ઉકેલવી તે તેમની 'જિજ્ઞાસા' શિખવાડે છે. ભારતના પ્રધાનમંત્રીએ પણ યુવાનોમાં રહેલી જિજ્ઞાસાને પાંખો આપવા જ 'સ્કીલ ઈન્ડિયા' નામના પ્રોજેકટની શરૂઆત કરી છે ત્યારે આ તસવીરમાં એક અનુભવીની અદાથી સાયકલ રીપેર કરવા મથતા બાળકો 'સ્કીલ ઈન્ડિયા'ના વિકાસના મૂળ કયાં છે તે સુપેરે સમજાવી રહ્યા છે.

# સરકારી પ્રાથમિક શાળાઓના બાળકો ગરબે ઘુમશે

## રવિવારે આયોજિત 'સમી સાંજ'માં જીજ્ઞેશ કવિરાજ અને અભિતા પટેલ ધૂમ મચાવશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની કાર્યરત સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓના જરુરિયાતમંદ વર્ગના બાળકો માટે લાઈવ ગરબા અને લાઈવ કોન્સર્ટનું તા. ૨૪મી ફેબ્રુઆરી રવિવાર સાંજે ૬ કલાકે ઘ-૫ના ઓપન થીએટર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. 'સમી સાંજ' શિર્ષક હેઠળ યોજાનાર આ કાર્યક્રમમાં જાણીતા ગુજરાતી ગાયકો જીજ્ઞેશ કવિરાજ અને અભિતા પટેલ રાસ ગરબાની રમઝટ જમાવશે.

શહેરમાં અનેક પ્રકારના વિવિધ કાર્યક્રમો, લાઈવ કોન્સર્ટ વગેરે યોજાતા હોય છે જેમાં મોટે ભાગે સંપન્ન નાગરિકો જ તેનો આનંદ ઉઠાવી શકે છે. બીજી તરફ શહેરના શ્રમજીવી અને જરૂરિયાતમંદ વર્ગના બાળકો આ પ્રકારના કાર્યક્રમો માણવાથી વંચિત રહી જતા હોય છે. જેને કારણે આ બાળકોની પ્રતિભા પણ વિકસી શકતી નથી. આપણું ફાઉન્ડેશન દ્વારા આ બાળકોને પણ લાઈવ ગરબા અને લાઈવ કોન્સર્ટ માણવાની તક મળે તે હેતુથી 'સમી સાંજ'નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાળકો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને મન મૂકીને ગરબે ઘુમશે. સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજવામાં આવ્યો છે.

## વૈષ્ણવ સમાજ દ્વારા રસીયા અને વચનામૃત યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન રસિયા અને ૨૪ તથા ૨૫મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન પૂ.પા.ગો.૧૦૮ શ્રી વિશાલ બાવાના વચનામૃતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો સર્વે વૈષ્ણવોને તેનો લાભ લેવા મંત્રી રસીકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## ચોરાસી જુથ નાયી સમાજ દ્વારા ચોવીસમો સમુહલગ્ન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ચોરાસી જુથ નાયી લિંબચમાતા ટ્રસ્ટ દહોમ દ્વારા તા. ૨૪ પેબ્રુઆરીના રોજ નિલકંઠ મહાદેવ, પાલૈયા ગામ દહેગામ ખાતે ૨૪મો સમુહલગ્ન સમારોહ યોજાનાર છે.આ સમુહ લગ્નમાં ૧૬ યુગલો લગ્નગ્રંથીથી જોડાસે. સંસ્થાના અગ્રણીમનોજભાઈ વાળંદ દ્વારા સમાજના સર્વે સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આઈવીએફ પધ્ધતિથી સંતાન પ્રાપ્તિની સત્યઘટના આધારિત ટીવી સિરિયલનો રવિવારથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના પીઢ અભિનેતા હસમુખ મેકવાન અભિનીત ટીવી સિરીયલ 'દેવના દીધેલા, માંગીને લીધેલા' તા. ૨૪મી ફેબ્રુઆરીથી કલર્સ ગુજરાતી ચેનલ પર સવારે ૧૦.૩૦ કલાકે પ્રારંભ થઈ રહી છે. આ સિરિયલે આઈવીએફ પધ્ધતિથી સંતાન પ્રાપ્ત કરનાર એક દંપતિની સત્યઘટના પર આધારિત કહાની હોવાથી ઉત્સુકતા જગાવી છે.



'દેવના દીધેલા માંગીને લીધેલા' ગુજરાતી ટીવી ધારાવાહિકમાં પ્રેમલગ્ન કરનાર દંપતિ જે સંતાનસુખથી વંચિત હોવાથી આઈવીએફ પધ્ધતિથી સંતાન પ્રાપ્તિ કરે છે. આ ધારાવાહિકમાં ડૉ. મેઘા નામનું મહિલા પાત્ર છે જે અન્ય તબીબની મદદથી સંતાન પ્રાપ્તિ કરી પૂર્ણ પરિવારનો હઠાગ્રહ પુરો કરવા આઈવીએફ સારવાર પધ્ધતિનો આશરો લે છે અને તે પછી સર્જાતા ઘટનાક્રમને આવરી લેવાયો છે. આ ધારાવાહિકનું ગુણવંત જાની દ્વારા નિર્માણ કરાયું છે. જેમાં હસમુખ મેકવાન ઉપરાંત ઉર્મિલા સોલંકી, નવીન રાવલ, અંજલિ આચાર્ય, ગૌરાંગ જેઠી તથા ડૉ. હિમાંશુ બાવીસી અભિનયના અજવાળા પાથરશે. સિરિયલના કેમેરામેન શૈલેષ રાઠોડ છે.

## સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં ૧૩૦ વિદ્યાર્થીઓનો શપથવિધિ સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં શપથવિધિ સમારંભ આજે યોજાયો હતો.

આ સમારંભમાં બી.એસ.સી. નર્સિંગની અગિયારમી, જીએન.એમ. નર્સિંગની નવમી તથા એ.એન.એમ. નર્સિંગની સાતમી બેચના કુલ મળીને ૧૩૦ વિદ્યાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. શપથવિધિ સમારંભમાં મુખ્ય અતિથ પદે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ, સંવેદના ફાઉન્ડેશનના સી.એ. ભાઈલાલભાઈ પટેલ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડૉ. ગાર્ગી રાજપરા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે કોલેજના આચાર્ય રાજેશ રાવલ દ્વારા શૈક્ષણિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર આર.જે. વ્યાસે આર્શીવચન આપ્યા હતા. કાર્યક્રમના સમાપને આભારવિધિ પ્રો. હેમા પંડિત દ્વારા કરવામાં આવી હતી.

## રબારી સમાજ દ્વારા ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

રબારી સમાજ દ્વારા શહેરમાં રૂખીબેન જેશંગભાઈ દેસાઈ તપસ્યા ઈન્ટિગ્રેટેડ સ્કૂલ બિલ્ડીંગનું ઉદઘાટન તથા અંબાબેન બાબુભાઈ દેસાઈ કન્યા છાત્રાલય અને ગંગાબેન જીવરાજભાઈ દેસાઈ તાલીમ ભવનનું ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સે-૧૫ સ્થિત મહંત બળદેવગીરીજી મહારાજ ગોપાલક કેળવણી મંડળ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સમાજના મહંતો, સંતો, સમાજ-રાજકીય આગેવાનો, શ્રેષ્ઠીઓ, કેળવણીકારો તથા તમામ સંગઠનો ઉપસ્થિત રહેશે. સંસ્થા દ્વારા સમાજના તમામ સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## અધ્યાપકોની ખાલી જગ્યા સામે રોસ્ટરનો અમલ કરવા માંગણી

ગાંધીનગર, તા.૨૧

કેન્દ્ર સરકાર દ્વારા અધ્યાપકોની ખાલી જગ્યાઓની ભરતી કુલ સંખ્યાનો બદલે વિષય આધારિત ભરતીનો પરિપત્ર નાબુદી માટે વટહુકમ લાવીને ૨૦૦ પોઈન્ટ રોસ્ટનો અમલ કરી એસી-એસટી-ઓબીસીના તમામ બંધારણીય અધિકારોનો યોગ્ય અમલ કરીનો બંધારણની ૯મી સુચિમાં મુકવા બાબત અંગે તાજેતરમાં અલ્હાબાદમાં હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના તેના અમલ અન્વયે આ દેશની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનુ. જાતિ અનુ. જનજાતિ અને પછાતવર્ગોના શૈક્ષણિક ક્ષેત્રના બંધારણીય અનામત અધિકારો નામશેષ થઈ જાય છે તેમજ સંવિધાનના સમાનતા અને સ્વતંત્રતાના મુળભુત અધિકારોનો ભંગ થાય છે, આ માટે સત્વરે કેન્દ્ર સરકાર દ્વારા અધ્યાદેશ લાવીને પુન: ૨૦૦ પોઈન્ટ રોસ્ટરનો અમલ કરવો જોઈએ તેમજ ૧ જગ્યા હોય તો રાજય અને કેન્દ્ર કક્ષાએ તેનું કબિંગ કરીને અનામત નીતિ લાગુ કરીને રીઝર્વેશન એકટ કેન્દ્ર સરકારે કેન્દ્ર અને રાજયમાં લાગુ પાડીને તેને બંધારણની ૯મી સુચિમાં મુકવો જોઈએ.

ઉપરકોત બાબતની રજુઆત જાગૃત સંસદ સભ્ય કિરીટસિંહ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે તેમજ ગુજરાત ઉત્કર્ષ મંડળ દ્વારા આગામી કાર્યક્રમો આપવામાં આવશે તેમ ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળના મુખ્ય કન્વીનર શૈલેષભાઈ મજમુદાર, પ્રમુખ નરેન્દ્રભાઈ વોરા, મહામંત્રી કુંદન નાયકે જણાવેલ છે.

## ફલેટના ચોથા માળેથી નીચે પટકાતા ૧૨ વર્ષિય કિશોરીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ખાતે સેન્ટ્રો વિન્ટેજ ફલેટમાં ચોથા માળેથી આજે સમી સાંજે ૧૨ વર્ષની કિશોરી નીચે પટકાતા તેણીનું કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. ફલેટની ગેલેરીમાંથી અચાનક કેવી રીતે આ કિશોરી નીચે પટકાઈ તે બાબત જાણી શકાઈ નથી. જોકે ઘટના સ્થળે પહોંચેલી પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ કિશોરીને ઘણા સમયથી માનસિક બીમારીની દવા ચાલી રહી હતી. સેકટર-૭ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કિશોરીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સરગાસણ ખાતે આવેલા સેન્ટ્રો વિન્ટેજ ફલેટમાં ચોથા માળે રહેતા ગણેશભાઈ આહીરને બે સંતાનો છે. જેમાં એક દિકરો અને બીજી તેનાથી નાની બાર વર્ષની દીકરી પાયલ. આજે સમી સાંજે બનેલી એક કરુણ આકસ્મિક ઘટનાથી તેમના પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. ૧૨ વર્ષીય દીકરી પાયલ આહીર ગાંધીનગર શહેરની સેકટર-૨૮ ખાતે આવેલી એક ખાનગી શાળામાં અભ્યાસ કરતી હતી. પાયલ આજે સમી સાંજે પોતાના ઘરે ચોથા માળે ગેલેરીમાં ઉભી હતી તે દરમિયાન અચાનક કોઈ રીતે પાયલ ચોથે માળેથી નીચે પડી ગઈ હતી. ચોથે માળેથી નીચે રસ્તા ઉપર પટકાયેલી પાયલને ગંભીર ઈજાઓ થવા પામી હતી. એટલું જ નહીં આ ઘટનામાં ધડાકાભેર નીચે પટકાતા પાયલ નું માથું ફાટી ગયું હતું અને ખોપડી બહાર આવી ગઈ હતી. ઘટના સ્થળ પર જ તેણીનું કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. આ ઘટનાથી પરિવારજનોના પગ તળેથી જાણે જમીન સરકી ગઇ હતી અને સોસાયટીમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. પોલીસને આ મામલે જાણ થતાં સેકટર-૭ પોલીસ મથકના જમાદાર કાનજીભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને કિશોરીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કિશોરી ચોથા માળેથી કેવી રીતે નીચે પટકાઈ તે સહિતની તપાસ શરૂ કરી છે. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ૧૨ વર્ષીય કિશોરી પાયલ ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી અને દવાઓ પણ ચાલતી હતી. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

## રીક્ષાએ બાઈકને અડફેટે લેતા ઘાયલ વૃધ્ધનુ સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર અમદાવાદ માર્ગ વાહનોથી ધમધમતો હોય છે ત્યારે આ માર્ગ પર રોજ બરોજ નાના મોટા અકસ્માત બનતા હોય છે. ત્યારે કુડાસણ ચોકડી પાસે ગત્ ડિસેમ્બર માસમાં બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક ચાલક આધેડને શરીરે ઈજાઓ પહોંચી હતી. ત્યારે ગંભીર રીતે ઈજા પામેલા આધેડનું જયપુર ખાતે સારવાર દરમિયાન ગત માસના અંતમાં મૃત્યું નિપજ્યું છે. ત્યારે તેમના પુત્રએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયસણના ગુડા આવાસ ખાતે રહેતા ૫૫ વર્ષીય શ્યામલાલ રામજીલાલ શર્મા ૩૦ ડિસેમ્બરના રોજ પોતાનું બાઈક લઈને કામ અર્થે નીકળ્યા હતા. ત્યારે રાયસણ પાટીયાથી સર્વિસ માર્ગે કુડાસણ ચોકડી ખાતે પહોંચ્યા હતા. ત્યારે સવારના ૮ વાગ્યાના સુમારે માર્ગ ઓળંગતી વખતે કોબાથી ગાંધીનગર તરફ પુરપાટ વેગે આવી રહેલી રીક્ષા નં. જીજેજીરોટીડી. ૬૭૬૫ના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ આધેડને પહેલા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ અને ત્યાર પછી પાલડી એઈમ્સ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં તેમના માથાનમું ઓપરેશન કરવા છતા તેઓ ભાનમાં આવ્યા ન હતા. આથી પરિવારના સભ્યો તેમને લઈ ને વતન જયપુર ખાતે આવેલી માનસિંહ હોસ્પિટલમાં તા. ૧૬ જાન્યુઆરીએ લઈ ગયા હતા. જયાંથી ત્રણ દિવસ બાદ મહાત્માં ગાંધી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તા.૩૧ જાન્યુઆરીના રોજ તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. જેને અનુલક્ષી મૃતકની અંતિમવિધી સહિતની વિધી પૂર્ણ કરીને મૃતકના પુત્ર નિલમ શર્માએ તા.૨૦ ફેબુઆરીના રોજ આ અંગે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સમારોહ

ગાંધીનગર, તા.૨૧

યજ્ઞોપવિત એ સોળ સંસ્કારમાના એક સંસ્કાર ગણાય છે અને શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે જનોઈ ધારણ કર્યા પછી બાળકનો બીજો જન્મ થાય છે ત્યારે ગાંધીનગરના સમસ્ત બ્રહ્માસમાજ સે-૨૩ દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૧૫ કલાકે સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવનમાં સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાનાર છે. આ સમૂહ યજ્ઞોપવિત પ્રસંગ નિમિત્તે તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ સાંજે ૫ કલાકે રાસ ગરબા તથા રાત્રે ૯.૩૦ કલાકે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

જનોઈ પ્રસંગે બ્રહ્મ સમાજના કુલ ૨૧ બાળકોને શાસ્ત્રી દેવેન્દ્રભાઈ રાવલ દ્વારા જનોઈ અર્પણ કરાશે. સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં યોજાનાર યજ્ઞોપવિતની વિધિ સવારે ૧૦.૧૫ કલાકે શરુ થશે અને બટુક યાત્રા બપોરે ૨.૦૦ કલાકે નીકળશે.

# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં ટેકનિકલ સ્પર્ધાઓ યોજાઈ







ગાંધીનગર, તા.૨૧

આજના અતિ ઝડપી અને પરિણામલક્ષી ટેકનિકલ જમાનામાં ટેકનોલોજીનું જ્ઞાન હોવું એ પાયાની જરુરિયાત છે. બાપુ ગુજરાત નોલેજ વિલેજની અલગ અલગ સંસ્થાઓ જેવી કે ઈજનેરી, સાયન્સ, કોમર્સ અને નર્સિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેતા ટેકનિકલ જ્ઞાનને યોગ્ય દિશા અને સ્પર્ધાત્મક પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં 'ટેકવિઝન-2K19', સાયન્સ કોલેજમાં 'સાયન્સ ફેસ્ટ', ફાર્મસી કોલેજમાં 'ફાર્માવિઝન-2K19' તથા નર્સિંગ કોલેજમાં 'હેલ્થવેલી' નામની ટેકનિકલ સ્પર્ધાઓ તા.૨૦ અને ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસોમાં યોજાઈ હતી.

આ સ્પર્ધાઓ અંતર્ગત બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીની દરેક બ્રાન્ચ જેવી કે મિકેનકિલ, સિવિલ, કોમ્પ્યુટર, આઈટી, ઈસી અને સાયન્સ અને હ્યુમાનિટીસ દ્વારા અલગ અલગ સ્પર્ધાઓ જેવી કે રોબો બોઉલિંગ, મેઝ-ઓ ચેઝ, મોડલે સો-કેઝ, કવીઝ, કલે મોડલીંગ, પોસ્ટ પ્રેઝન્ટેશન, સીરલોક કોડસ, મેઝ રનર, ટેકનીકલ ડમ્પ-ચેરાડેઝ, બ્રીઝ ઈટ, એન્ગ્રી સીવીલ એન્જિનીયરીંગ, ટાઉન પ્લાનિંગ, ટેક-કવીઝ, ટ્રેક ઈન ટ્રાન્સસીટ, ડીઝી ટ્રીકસ, લેન ગેમીંગ વગેરે જેવી અલગ અલગ રમતોમાં આશરે ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ફાર્મસી કોલેજમાં 'ફાર્માવિઝન-2K19'ની સ્પર્ધાઓમાં ફાર્મા રંગોલી, ફાર્મા કવીઝ, ફાર્મા માર્કેટીંગ, ફાર્મા રેસીપીસ વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં આશરે ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સમાં સાયન્સ ફેસ્ટની અલગ અલગ સ્પર્ધાઓ જેવી કે સાયન્સ ફેર, રંગોલી, કવીઝ, કેન્ટીન ડે વગેરેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગમાં હેલ્થવેલી નામની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ઓથ ટેકીંગ, ફલોર ડેકોરેશન, હેલ્થ એકઝીબ્યુશન, પોસ્ટર રાઈટીંગ, બુક એરેન્જીંગ વગેરે જેવી સ્પર્ધાઓમાં આશરે ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના અંતે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ, ભરતસિંહ તથા કેમ્પસના ડાયરેકટર પ્રો. રવીકુમાર અને દરેક કોલેજના આચાર્યશ્રીઓએ હાજર રહી વિજેતા વિદ્યાર્થીઓને રોકડ ઈનામ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. મણીબેન હરદાજી ઠાકોર, ઉ.વ. ૭૬
- સ્વ. ચાવડા રતનસિંહ પ્રતાપસિંહ, ઉ.વ. ૭૬
- સ્વ. શાંતાબેન ભલાભાઈ પટેલ, ઉ.વ. ૯૪